RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 46, Dt.04-05-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ગુજરાતમાં ચૂંટણીના પ્રચાર પડઘમ કાલે થશે શાંત




## રાજ્યની ૨૫ બેઠકો માટે મંગળવારે યોજાશે મતદાનઃ પ્રચાર બંધ થાય તે પૂર્વે આજે ગૃહમંત્રી શાહ, પ્રિયંકા ગાંધી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સભાઓઃ છેલ્લી ઘડીનો પ્રચાર શરૂઃ સોમવારે કતલની રાત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કાની ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થયું છે. મંગળવારે રાજયની ૨૫ બેઠકો મતદાન થવાનું છે સુરતની બેઠક બિનહરીફ જાહેર થઇ છે. ૭મીએ યોજાનારા મતદાન પૂર્વે કાલે સાંજે જાહેર પ્રચાર પડઘમ બંધ થશે એ પૂર્વે આજે અને કાલે વિવિધ પક્ષો ઝંઝાવાતી પ્રચાર કરી રહ્યા છે. સોમવારે સવારથી ડોર ટુ ડોર પ્રચાર શરૂ થશે અને સોમવારની રાત કતલની રાત બનવાની છે.


આવતીકાલે જાહેર પ્રચાર પડઘમ બંધ થાય એ પૂર્વે આજે અને કાલે કેન્દ્રિય નેતાઓ ઝંઝાવાતી પ્રચાર કરી રહ્યા છે. કેન્દ્રીય ચૂંટણી પંચના આદેશ મુજબ, ચૂંટણી મતદાન પૂર્ણ થવાના કલાકથી એટલે કે તા.૭મી મેના રોજ સાંજે ૬ કલાકથી ૪૮ કલાક પહેલા ચૂંટણી પ્રચાર બંધ કરી દેવાશે. એટલે કે તા.૫મી મેના રોજ સાંજે ૬ કલાક પછી ઉમેદવારના ચૂંટણી પ્રચારના ડમડમીયા બંધ થઈ જશે. જાહેરસભા, સરઘસ અથવા અન્ય કોઈ પણ રીતે એકત્રિત કરવા, આયોજન કરવા કે સંબોધન કરવા ઉપર પ્રતિબંધ લાગી જશે. જેથી હવે ચૂંટણી પ્રચાર માટે આવતીકાલ તા.૨જી મેથી તા.૫મી મે સુધીના ચાર દિવસ જ રહ્યાં છે. ત્યારે ચૂંટણી પ્રચારનો કેટલો માહોલ બને છે તે જોવુ રહ્યું. આ જાહેરનામાનો ભંગ કરવા બદલ જિલ્લા મુખ્ય ચૂંટણી અધિકારી શિક્ષાત્મક કાર્યવાહી કરાશે. ગુજરાતમાં લોકસભા ચૂંટણી માટે રવિવારની સાંજે ૬ કલાકે જાહેર પ્રચાર પડઘમ શાંત થઇ જશે. એટલે ભાજપ અને કોંગ્રેસ પાસે શનિવારે સવારે ૬ વાગ્યાથી પ્રચાર માટે ૩૬ કલાકનો જે સમય મળે એમ હોવાથી બંને પક્ષોમાંથી રાજકીય નેતાઓએ ઝાંઝાવાતી પ્રવાસો શરૂ કર્યા છે.

# ફરી એક વખત લોકસભામાં ટિકીટ વહેચણીમાં રાજકીય પક્ષોએ મહિલાઓનો હકક છીનવ્યો

## ૩૩ ટકા બેઠકો પર મહિલા ઉમેદવારને ટિકીટ અપાશે તે નિશ્ચિત કરાયા બાદ પણ રાજકીય પક્ષોએ મનમાની કરી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણી પૂર્વે રાજયોની ધારાસભા ચૂંટણીઓમાં પણ મહિલા મતદારોએ નિર્ણાયક ભૂમિકા ભજવી હતી અને દેશના ૫૦ ટકા જેટલા મતદારો મહિલાઓ હોવા છતાં પણ રાજકીય પક્ષોએ ફરી એક વખત લોકસભામાં ટીકીટ વહેંચણીમાં મહિલાઓનો હકક છીનવી લીધો છે તે નિશ્ચિત થાય છે.




આ ચૂંટણી પૂર્વે જ મોદી સરકારે સંસદ અને વિધાનસભામાં ૩૩ ટકા મહિલા અનામત લાગુ કરવા માટેનો ખરડો મંજૂર કરાવ્યો પરંતુ તેના અમલની તારીખ આપી નહીં અથવા તો તે ૨૦૨૯ સુધી લાગુ થઇ શકશે નહીં તે નિશ્ચિત કર્યુ આમ પાંચ વર્ષ પછીની ચૂંટણીમાં ભાજપે એક નવી વોટબેંક બનાવવા માટેનો નેરેટીવ સેટ કરી લીધો છે.

ભાજપ પોતાની સંગઠન તાકાત, નરેન્દ્ર મોદીનો કરીશ્મા અને સરકારી યોજનાના લાભાર્થીઓની એક વોટબેંક સર્જીને વિજય મેળવવા આતુર છે પણ કાનુનની ગેરહાજરીમાં પણ રાજકીય પક્ષો મહિલા ઉમેદવારોને પુરતુ પ્રતિનિધિત્વ આપતા નથી તે ખુદ નિશ્ચિત કરી રહ્યા છે. પ્રથમ બે તબકકામાં જે ચૂંટણીઓ યોજાઇ છે તેમાં મહિલા ઉમેદવારોનું પ્રમાણ ૮ ટકા જ છે અને તેને આવતા મંગળવારે યોજનારા મતદાનની સાથે જોડી દેવામાં આવે તો વધુને વધુ ૯ ટકા મહિલા ઉમેદવાર મેદાનમાં હશે. હવે બાકીના તબકકામાં ઉમેદવારો જાહેર થયા છે તેનાથી ૩૩ ટકા બેઠકો પર મહિલા ચૂંટાય તેવી શકયતા નહીંવત છે.

વાસ્તવમાં રાજકીય પક્ષોએ મહિલા અનામત અંગે બે દસકા સુધી ગાજર લટકાવી રાખ્યુ અને એક યા બીજા વિરોધ દર્શાવીને મહિલા અનામતને પાછળ ઠેલવી જોકે એક પ્રશંસા કરવી પડે કે મોદી સરકારે કોઇપણ જાતના દબાણ કે આંતરીક અનામતના નવા નવા મુદાઓ હતા તેને ફગાવીને ૩૩ ટકા મહિલા અનામતનો ખરડો મંજૂર કર્યો છે.

પ્રથમ તબકકાના મતદાનમાં ૧૬૨૫ ઉમેદવારોમાં ૧૩૫ મહિલાઓ છે. બીજા તબકકામાં ૮૯ બેઠક પર ૧૧૯૮ ઉમેદવારોમાં ફકત ૧૦૦ મહિલા છે. જયાં સુધી મહિલા મતદારોનો સવાલ છે ત્યાં સુધી દક્ષિણ એ આગળ રહ્યું છે. તામિલનાડુમાં ૩૯ બેઠકોમાં ૭૬ ઉમેદવારો લડી રહ્યા છે. દક્ષિણ ભારતમાં કેરળ પણ ટોપમાં રહ્યું છે અને ૨૪ ઉમેદવારો છે. જો રાજકીય પક્ષોની વાત કરીએ તો ભાજપે ૬૯ મહિલા ઉમેદવારો અને કોંગ્રેસે ૪૪ને ટીકીટ આપી છે.

# વડાપ્રધાન મોદીને ચૂંટણીમાં હાર દેખાતા ખેડૂતો માટે કાળા કાયદા પાછા ખેંચ્યાઃ પ્રિયંકા ગાંધી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણીમાં બે તબક્કાના મતદાન બાદ હવે ત્રીજા તબક્કાનું મતદાન ૭મેના રોજ યોજાવાનું છે ત્યારે આ તાબક્કામાં ગુજરાતની બેઠકો પર મતદાન થશે. જેને ધ્યાનમાં રાખીને ભાજપ અને કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ ગુજરાતભરમાં પ્રચાર કરવામાં વ્યસ્ત છે. આ ક્રમમાં જ કોંગ્રેસના દિગ્ગજ નેતા પ્રિયંકા ગાંધી ફરી એકવાર ગુજરાતમાં આવ્યા છે અને તેમણે આ વખતે બનાસકાંઠામાં ન્યાય સંકલ્પ સભાને સંબોધી હતી.

બનાસકાંઠાથી જંગી જનસભાને સંબોધન કરતા કોંગ્રેસ મહાસચિવે કહ્યું કે પતમને બંધારણમાંથી અધિકારો મળે છે. સૌથી મોટો અધિકાર મત આપવાનો છે.



અનામતની સાથે સાથે બંધારણે નાગરિકોને પ્રશ્ન કરવાનો અને આંદોલન કરવાનો પણ અધિકાર આપ્યો છે તેથી જ્યારે ભાજપના લોકો કહે છે કે બંધારણ બદલાશે તો તેનો સ્પષ્ટ અર્થ એ છે કે તેઓ લોકો પાસેથી તેમના અધિકારો છીનવી લેવા માગે છે.થ આ ઉપરાંત પ્રિયંકા ગાંધીએ વેક્સિનની આડઅસર પર વાત કરતા કહ્યું કે પવેક્સિનની આડઅસરથી અનેક લોકોના હાર્ટ એટેકથી મોત થયા છે. કોરોના વેક્સિન સર્ટિફિકેટ પર શહેનશાહનો ફોટો હતો. આ વેક્સિન બનાવતી કંપની પાસેથી ભાજપે ફંડ લીધુ છે.થ

પ્રિયંકા ગાંધીએ કહ્યુ કે વિશ્વના મહાન વ્યક્તિત્વ એવા મહાત્મા ગાંધીજીનો જન્મ ગુજરાતની ધરતીમાં થયો હતો. સરદાર પટેલ, વીર રણછોડ રબારી સહિત અનેક મહાપુરુષોનો જન્મ અહીં થયો હતો. દેશના અનેક મહાપુરુષોએ આઝાદી માટે અંગ્રેજ સરકાર સામે લડત આપી હતી. દેશને આઝાદ કર્યો અને બંધારણ આપ્યું. તેથી આપણે બધાએ બંધારણનું મહત્વ સમજવું પડશે.

# સમગ્ર સૌરાષ્ટ્રમાં સૂર્યનારાયણનો પ્રકોપ વધ્યોઃ રાજકોટ, સુરેન્દ્રનગર, અમરેલીમાં તાપમાન ૪૨ ડિગ્રીને આંબ્યુ

## ભાવનગર, ભૂજ સહિત અનેક સ્થળોએ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીએ પહોંચ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-સુરેન્દ્રનગર અને અમરેલીમાં સૂર્યદેવ કાળઝાળ બન્યા હોય તે રીતે ગઈકાલે કાળઝાળ બન્યા હોય તે રીતે ગઈકાલે ૪૨ ડિગ્રીને પાર તાપમાન નોંધાયુ હતું.અમરેલીમાં ૪૨ તથા રાજકોટ-સુરેન્દ્રનગરમાં ૪૨.૩ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

આ ઉપરાંત વડોદરામાં ૪૦.૮ ભાવનગરમાં ૩૮.૮, ભુજમાં ૪૦.૬, છોટા ઉદેપુરમાં ૪૦.૬, દાહોદમાં ૩૯.૩, ડાંગમાં ૩૯.૪, ડિસામાં ૪૦.૮, ગાંધીનગરમાં ૪૧.૨ તથા નર્મદા ખાતે ૩૮.૭ ડિગ્રી પોરબંદરમાં ૩૬.૪, અને વેરાવળ ખાતે ૩૩.૨ ડિગ્રી,મહત્તમ તાપમાન નોંધાયું હતું.જયારે જામનગરમાં આજે સવારથી સૂર્યનારાયણ આકરો મિજાજ બતાવ્યો હતો.



જો કે પવનની ગતિ ૧૦.૮ કિમિ હોય ગરમીમાં લોકોને થોડી રાહત અહેસાસ થતો હતો.જો કે મહતપ તાપમાનનો પારો ૩૭.૫ ડિગ્રી નોંધાયો હતો.જ્યારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૮૩ રહેતા બફારાનું પ્રમાણ બપોરના સમયે વધે તેવું વાતાવરણ સર્જાયુ હતું.

જિલ્લા કલેકટર કચેરીના કંટ્રોલરૂમમાંથી મળતી માહિતી મુજબ આજે સવારે મહતપ તાપમાન ૩૭.૫ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૬.૫ ડિગ્રી નોંધાયું હતું.જ્યારે શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૩ ટકા નોંધાયો હતું.

તો પવનની ગતિ પ્રતિકલાક ૧૦.૮ કિમિ નોંધાઇ હતી. જામનગરમાં આવતીકાલ સુધી હવામાન સૂકું અને અંશતઃ વાદળછાયું રહેવાની કૃષિ વિભાગે આગાહી કરી છે. જો કે ઉનાળાનો અસલ મિજાજ બપોરે સમય ગરમીથી લોકો પરસેવે રેબજેબ થઈ જાય છે. આકરા તાપના કારણે બપોરે લોકોની ચહલપહલ ઘટી જાય છે.

# ચૂંટણીમાં શાંતિ જળવાય તે માટે કાળા વાવટાનો પ્રતિબંધ યોગ્યઃ હાઈકોર્ટ

## અમદાવાદ પોલીસ કમિશનરના જાહેરનામાથી કોઈ સ્વતંત્રતા પર તરાપ પડતી નથીઃ કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે અમલવારી જરૂરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતમાં ક્ષત્રિય આંદોલનની અસર જોયા બાદ રાજય સરકારે કલમ ૧૪૪ના અમલમાં રાજકીય રેલીઓ કે ઉમેદવારો અથવા સભાઓમાં ક્ષત્રિય સમાજનો જે વિરોધ દેખાતો હતો તેને ડામવા માટે કાળા વાવટા દેખાડવા સહિતના પ્રતિબંધતાત્મક આદેશો અમલી બનાવ્યા અને તેની સામે હાઇકોટમાં થયેલી રીટને ફગાવીને હાઇકોર્ટે પણ ચૂંટણીમાં શાંતિ જળવાય રહે તે માટે કાળા વાવટાના પ્રતિબંધને યોગ્ય ગણાવ્યો હતો.

તા.૧૬ એપ્રિલના રોજ અમદાવાદના પોલીસ કમિશ્નરે જાહેરનામું બહાર પાડીને પૂર્વ મંજુરી વગર પાંચથી વધુ લોકો એકત્ર થવું ઉપરાંત વિરોધ પ્રદર્શનમાં કાળા વાવટા દેખાડવા પર પ્રતિબંધ મુકયો હતો. જોકે આ પ્રતિબંધ ફકત અમદાવાદમાં પોલીસ કમિશનર વિસ્તારને લાગુ પડતો હતો.



માનવામાં આવતુ હતું કે અન્ય મહાનગરો અને જિલ્લામાં આ પ્રતિબંધ મુકાશે પરંતુ તેમ નહીં કરીને સરકારે મોટી અથડામણ ટાળી હતી. રાજકોટમાં ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા સામેના વિરોધમાં કાળા વાવટાએ સૌથી વધુ ફરકવા લાગ્યા હતા.


જોકે અમદાવાદ પોલીસ કમિશ્નરના આ પ્રતિબંધને કરણી સેનાના અર્જુનસિંહ ગોહિલે હાઇકોર્ટમાં પડકારીને ચૂંટણી સમયે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન એ મુળભુત અધિકાર હોવાનું જણાવીને પોલીસ કમિશ્નરના જાહેરનામાને રદ કરવાની માંગણી કરી હતી.

રાજય સરકારે તેમાં દલીલ કરતા કહ્યું કે ચૂંટણી પ્રક્રિયા સમયે શાંતિ જળવાઇ રહે ઉમેદવારો પોતાનો પ્રચાર યોગ્ય રીતે કરી શકે અને મતદારો પણ ભય વગર ચૂંટણી પ્રક્રિયામાં સામેલ થઇ શકે તે માટે કાળા વાવટા દેખાડવા કે પ્લે કાર્ડ કે બેનર પ્રદર્શિત કરવા પરનો પ્રતિબંધ યોગ્ય છે.

# કોઈનું નામ 'રાહુલ ગાંધી' કે 'લાલુ યાદવ' હોય તો તેને ચૂંટણી લડતા રોકી ન શકાય : સુપ્રીમ કોર્ટે અરજી ફગાવી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે એક જેવા નામ ધરાવતા ઉમેદવારો સંબંધિત એક અરજી પર સુનાવણી કરતી વખતે કહ્યુ કે, કોઈનું નામ 'રાહુલ ગાંધી' કે 'લાલુ યાદવ' હોય તો તેને ચૂંટણી લડતા રોકી ન શકાય. આ સાથે કોર્ટે અરજદારની અરજી પણ નામંજૂર કરી દીધી છે. અરજદારે માંગ કરી હતી કે, આ મુદ્દે એક સિસ્ટમ બનાવવામાં આવે અને યોગ્ય પગલા ભરવા માટે ચૂંટણી પંચને નિર્દેશ આપવામાં આવે.



સાબૂ સ્ટીફનના વકીલ વી.કે.બીજૂએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી કહ્યું કે, 'એક સરખા નામ' ધરાતા ઉમેદવારોને ચૂંટણી મેદાનમાં ઉતારવાની પ્રથા તદ્દન ખોટી છે. આ ખૂબ જ ગંભીર મુદ્દો છે. અરજદારે ચૂંટણી સંચાલન નિયમ-૧૯૬૧ને ટાંકીને માંગ કરી કે, જો એક અથવા એકથી વધુ ઉમેદવારોના એક જેવા નામ હોય તો તેમને વ્યવસાય, નિવાસસ્થાન અથવા કોઈ અન્ય રીતે જુદા દર્શાવવામાં આવે. એક જેવા નામ ધરાવતા ઉમેદવારોના કારણે મતદારોના મનમાં ભ્રમ ઉભો કરવાની જૂની ચાલ છે. ઉમેદવારોના ભવિષ્ય માટે એક-એક મત મહત્વનો હોવાથી આવી પ્રથાઓ દુર કરવાની જરૂર છે.

અરજદારની અરજી પર સુનાવણી કરી સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બી.આર.ગવઈની અધ્યક્ષતાવાળી ત્રણ સભ્યોની ખંડપીઠે અરજી પર વિચાર કરવા પર કોઈ રસ દાખવ્યો નથી. જેના કારણે અરજદારના વકીલે અરજી પરત ખેંચવાની મંજૂરી માંગી છે. ત્યારબાદ બેંચમાં સામેલ ન્યાયાધીશ સતીશ ચંદ્ર શર્મા અને ન્યાયાધીશ સંદીપ મેહતાએ અરજી પરત ખેંચવાની મંજૂરી આપી દીધી છે.

કોર્ટે અરજદારના વકીલને કહ્યું કે, જો કોઈ વ્યક્તિનું નામ 'રાહુલ ગાંધી' અથવા 'લાલુ પ્રસાદ યાદવ' હોય તો તેમને ચૂંટણી લડતા ન રોકી શકાય. કોર્ટે એમ પણ કહ્યું કે, જો આવા વ્યક્તિઓને ચૂંટણી લડવાથી રોકવામાં આવે તો તેમના અધિકારોમાં હસ્તક્ષેપ થયો હોવાનું કહેવાશે. જો કોઈના માતા-પિતાએ આવું નામ રાખી દીધું હોય, તો શું માત્ર તેમના નામના કારણે તેમના ચૂંટણી લડવાના અધિકારમાં અડચણ બની શકે છે? કોર્ટની ટિપ્પણી બાદ વકીલે કહ્યું કે, તેઓ અરજી પરત ખેંચવા માંગે છે.


# શું કેજરીવાલ ચૂંટણીમાં પ્રચાર કરી શકશે?: દિલ્હી CMના વચગાળાના જામીન પર વિચાર કરવા SC તૈયાર, ચૂંટણીના કારણે ૭ મેના રોજ નિર્ણય

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હી લિકર પોલિસી કેસમાં અરવિંદ કેજરીવાલની ધરપકડ અને રિમાન્ડ પર શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં બે કલાક સુધી દલીલો થઈ. જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેંચે કહ્યું કે લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને કેજરીવાલના વચગાળાના જામીન પર વિચાર કરી શકાય છે, જેથી તેઓ પ્રચારમાં ભાગ લઈ શકે.

બેન્ચે કહ્યું કે મુખ્ય કેસ એટલે કે કેજરીવાલે તેમની ધરપકડ અને રિમાન્ડને પડકાર્યો છે, તેમાં સમય લાગી શકે છે. કોર્ટે EDને કહ્યું કે વચગાળાની જામીનની શરતો પણ આગામી સુનાવણીમાં જણાવવામાં આવે. વચગાળાના જામીન આપવા કે નહીં તે અંગે અમારે નિર્ણય લેવો છે. અમે આ અંગે ૭ મેના રોજ સુનાવણી કરીશું.

કેજરીવાલ વતી વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવી અને ED વતી એએસજી એસવી રાજુએ સુપ્રીમ કોર્ટમાં દલીલો રજૂ કરી હતી. સિંઘવીએ ફરી એકવાર કહ્યું કે દિલ્હીના મુખ્યમંત્રી વિરુદ્ધ કોઈ પુરાવા નથી અને તેમની ધરપકડ ગેરકાયદેસર છે. કેજરીવાલે EDના ૯ સમન્સનો જવાબ આપ્યો હતો. તપાસ એજન્સી સમક્ષ હાજર થવામાં નિષ્ફળતા એ ધરપકડનો આધાર બની શકે નહીં.



એસવી રાજુએ કેજરીવાલની ધરપકડનો આધાર આપ્યો. તેમણે કહ્યું- કેજરીવાલની ધરપકડ કરવાનો નિર્ણય માત્ર તપાસ અધિકારીએ જ નહીં પરંતુ વિશેષ ન્યાયાધીશે પણ લીધો હતો. ધરપકડ ન થવાને લઈને દિલ્હીના સીએમ હાઈકોર્ટમાં પણ ગયા હતા. પરંતુ દસ્તાવેજો જોયા બાદ કોર્ટે ધરપકડ પર સ્ટેમાં હસ્તક્ષેપ કરવાનો ઇનકાર કર્યો હતો.

શું વિજય મદનલાલ ચૌધરી અથવા અન્ય કેસમાં જે કંઈ કહેવામાં આવ્યું છે તેના સંદર્ભમાં કોઈપણ ન્યાયિક કાર્યવાહી વિના ફોજદારી કાર્યવાહી શરૂ કરી શકાય? (જસ્ટિસ ખન્નાએ કહ્યું કે કેજરીવાલના કેસમાં અત્યાર સુધી કોઈ જોડાણ કરવામાં આવ્યું નથી. જો એવું કરવામાં આવ્યું હોય તો EDએ જણાવવું પડશે કે તેમના સંબંધો કેવા હતા.)

મનીષ સિસોદિયા કેસમાં ચુકાદાના બે ભાગ છે- એક, જે તેની તરફેણમાં છે, બીજો, જે તેની તરફેણમાં નથી. કેજરીવાલનો કેસ કયા ભાગમાં આવે છે?

PMLAની કલમ ૧૯નું અર્થઘટન કેવી રીતે કરવું, કારણ કે કેજરીવાલ જામીન માટે અરજી કરવાને બદલે ધરપકડ અને રિમાન્ડ સામે આવી રહ્યા છે. જો તેઓ પછીનો માર્ગ અપનાવે છે, તો શું તેઓ PMLAની કલમ ૪૫ હેઠળ ઉચ્ચ જોગવાઈઓનો સામનો કરશે?

કેસમાં કાર્યવાહીની શરૂઆત અને ત્યારબાદ થોડા સમય પછી વારંવાર ફરિયાદ દાખલ થવા વચ્ચેનો સમય. (આ સંદર્ભમાં તે નિર્દેશ કરવામાં આવ્યો હતો કે તફાવતના ગંભીર પરિણામો આવશે. કારણ કે કલમ ૮ ન્યાયિક પ્રક્રિયા માટે મહત્તમ ૩૬૫ દિવસની સમય મર્યાદા સૂચવે છે)

લિકર પોલિસી કેસમાં કેજરીવાલને આ વર્ષે ૨૭ ફેબ્રુઆરી, ૨૬ ફેબ્રુઆરી, ૨૨ ફેબ્રુઆરી, ૨ ફેબ્રુઆરી, ૧૭ જાન્યુઆરી, ૩ જાન્યુઆરી અને ૨૦૨૩માં ૨૧ ડિસેમ્બર અને ૨ નવેમ્બરે સમન્સ મોકલવામાં આવ્યા હતા. જો કે, તે એકવાર પણ પૂછપરછ માટે ગયા ન હતા. નીચલી કોર્ટ અને હાઈકોર્ટમાંથી રાહત ન મળતાં કેજરીવાલ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા છે.

દિલ્હી હાઈકોર્ટે ૯ એપ્રિલે કહ્યું હતું કે EDએ અમારી સમક્ષ પૂરતા પુરાવા રજૂ કર્યા છે. અમે નિવેદનો જોયા જે દર્શાવે છે કે ગોવાની ચૂંટણી માટે પૈસા મોકલવામાં આવ્યા હતા. હાઈકોર્ટે એમ પણ કહ્યું કે અમને રાજકીય નૈતિકતાની નહીં પણ બંધારણીય નૈતિકતાની ચિંતા છે. હાલનો મામલો કેન્દ્ર અને કેજરીવાલ વચ્ચેનો નથી. આ મામલો કેજરીવાલ અને ઇડી વચ્ચેનો છે. હાઈકોર્ટે કહ્યું કે ED કાયદાકીય પ્રક્રિયાને અનુસરે છે. તેમની પાસે હવાલા ઓપરેટરો અને AAP ઉમેદવારોના નિવેદનો છે.

# જામનગર જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ''બોલો ભાઈ ચુંટણી આવી..'' વીડિયો ફિલ્મ તૈયાર કરી મતદાનની અપીલ કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા ચૂંટણી તંત્ર, જામનગર દ્વારા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર બી.કે.પંડ્યાના માર્ગદર્શન હેઠળ મતદાન જાગૃતિ માટે અનેકવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.ત્યારે જામનગરના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા અધિકારીઓ તથા કર્મચારીઓએ''બોલો ભાઈ ચુંટણી આવી..'' વીડિયો ફિલ્મ અને મતદાન જાગૃતિ સાથેની સ્લોગન વીડિયો ક્લિપ તૈયાર કરી નાગરિકો વધુમાં વધુ મતદાન કરે તે માટેની પ્રેરણા આપી હતી.વિડીયોમાં કલેક્ટર બી.કે.પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ સહિતના અધિકારીઓએ નાગરિકોને અચૂક મતદાન કરવા અપીલ કરી છે.આ બન્ને વીડિયોના કાવ્ય અને સ્લોગન જિલ્લા



પંચાયત, જામનગરમાં નાયબ ચીટનીશ સેજપાલ શ્રીરામ દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે.અને આ વીડિયોના માધ્યમથી જામનગરવાસીઓને ૦૭-મે-૨૦૨૪ મંગળવારે અચૂક મતદાન કરવા અપીલ કરાઈ છે.

# જામનગરમાં ક્ષત્રિય અસ્મિતા મહાસંમેલન યોજાયું




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ક્ષત્રિય અસ્મિતા મહાસંમેલન, ભાજપ વિરોધી મતદાનની હાંકલ.રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરૂષોતમ રૂપાલાએ રાજપૂત સમાજની મહિલા અંગે કરેલી ટિપ્પણીના વિરોધમાં શરૂ થયેલા ક્ષત્રિય સમાજના આંદોલનના ભાગરૂપે જામનગર નજીક શુક્રવારે યોજાયેલા ક્ષત્રિય અસ્મિતા મહાસંમેલનમાં રાજપૂત સમાજના આગેવાનોએ નમવાની તૈયારી નથી હોવાનું જણાવી ભાજપ વિરોધી મતદાન કરવાની હાંકલ સમાજના ભાઇઓ-બહેનોને કરી હતી. ગામડે-ગામડે ધર્મરથ પછી પાર્ટ-૩ આંદોલનમાં સમિતિ બનાવાશે તેમ જણાવ્યું હતું.ભાજપના ઉમેદવાર પુરૂષોતમ રૂપાલાના નિવેદનના વિરોધમાં રાજ્યભરમાં ક્ષત્રિય સમાજનું આંદોલન વેગવાન બની રહ્યું છે. ત્યારે જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર ખીજડિયા બાયપાસ પાસે ક્ષત્રિય અસ્મિતા મહાસંમેલન યોજાયું હતું. જેમાં જામનગર સહિત ગુજરાતભરમાંથી ક્ષત્રિય સમાજ, કરણીસેનાના આગેવાનો અને મોટી સંખ્યામાં રાજપૂત સમાજના ભાઇઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતાં. સંમેલનમાં ક્ષત્રિય સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે, મંત્રીઓએ સરકારને સમજાવાનો પ્રયાસ કર્યો હતો આમ છતાં કોઇ પરિણામ આવ્યું નથી ત્યારે સમાજ અંગે કરેલી ટિપ્પણી સામે નમવાની કોઇ તૈયારી નથી અને ૭ મે ના મતદાનના દિવસે જય ભવાનીના નારા સાથે ભાજપ વિરોધી મતદાન કરવા રાજપૂત સમાજના ભાઇઓ અને બહેનોનો હાંકલ કરી હતી

# મોરબીના લાતી પ્લોટ વિસ્તારમાંથી ચોરાઉ બાઈક સાથે રીઢો બાઈક ચોર ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસે પૂર્વ બાતમીને આધારે સાવસર પ્લોટ વિસ્તારમાંથી ચોરી કરેલ બાઈક સાથે વાંકાનેરના રીઢા બાઈક ચોર શખ્સને ઝડપી લેવાયો હતો.

મોરબી સીટી વિસ્તારમાં બનતા મિલકત સંબંધી બનતા બનાવો અટકાવવા તેમજ શોધી કાઢવા મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકના પીઆઈ એચ.એ.જાડેજાએ માર્ગદર્શન આપેલ હોય તે મુજબ મોરબી શહેરમા લગાવેલ નેત્રમ સી.સી.ટીવી.કેમેરા તેમજ હયુમન સોર્સીસના આધારે એ ડિવિઝન પોલીસ ટીમને ખાનગીરાહે બાતમી મળેલ કે ચોરીના મોટરસાયકલ સાથે આરોપી અબ્બાસભાઇ અલ્લારખાભાઇ દલવાણી લાતીપ્લોટ શેરીનં.૨ મા હોવાની હકિકતના આધારે તાત્કાલિક તે સ્થળે જતા જ્યાંથી આરોપી હીરો હોન્ડા કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ સાથે મળી આવ્યો હતો. ત્યારે



મોટરસાયકલના કાગળો અંગે પુછતા તેની પાસે કોઈ કાગળો નહી હોવાનુ જણાવતા પોલીસે પોકેટ કોપ એપ્પથી સર્ચ કરતા આ મોટરસાયકલ મોરબી સાવસર પ્લોટ શેરી નં.૩માંથી ચોરી થયેલ મોટરસાયકલ હોવાનું સામે આવ્યું હતું. જેથી આરોપી અબ્બાસભાઇ અલ્લારખાભાઇ દલવાણી રહે.લાલપર લીંબાળાની ધાર તા.વાંકાનેરની અટક કરી હતી. સીટી એ ડિવિઝન પોલીસે આરોપી પાસેથી સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ રજી. નં. GJ-03-JN-0331 વાળું કબ્જે લઇ આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પકડાયેલ રીઢો બાઈક ચોર રાજકોટ એ ડિવિઝન પોલીસ મથકના ૨, રાજકોટ તાલુકાના ૧, રાજકોટ ગાંધીગ્રામના ૧ તેમજ વાંકાનેર સીટી પોલીસ મથકના ૧ સહિત ચોરી તથા પ્રોહી. એક્ટ હેઠળના ગુનાનો રીઢો ગુનેગાર હોવાની વિગતો સામે આવી હતી.

# રાજુલા વનવિભાગની સરાહનીય કામગીરી : પીપાવાવ રેલ્વે ટ્રેક પરથી ૯ સિંહોને સુરક્ષિત રીતે ખસેડાયા

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** રાજુલાના પીપાવાવ રેલ્વે ટ્રેક પર મોડીરાતે ૯ જેટલા સિંહો આવી ચડ્યાની ધટના સામે આવી હતી. જોકે આ અગાઉ પણ સિંહો રેલ્વે ટ્રેક પર આવી જતા વનવિભાગે સુરક્ષિત રીતે ખસેડી જીવ બચાવ્યો હતો. ત્યારબાદ ફરી રાજુલા રાઉન્ડના રાજુલા બીટ-૧ના ઉચૈયા ગામના ઘોઘમ વિસ્તારમાં રાત્રીના સમયે રેલ્વે ટ્રેકથી ૭૦ મીટર દુરના અંતરે વન્યપ્રાણી સિંહ ૯ ના ગ્રૂપનુ અવલોકન સ્થાનીક ટ્રેકર્સ કિશોરભાઇ ધાખડા તથા વનમિત્ર લાલભાઇ દ્વારા થતા જેની જાણ રેન્જ ફોરેસ્ટ ઓફિસર વાય.એમ.રાઠોડને થતા તાત્કાલીક રેન્જના સ્ટાફ સ્થળ પર દોડી આવ્યા હતાં. અને નીરીક્ષણ કરવામાં આવ્યું. ત્યારબાદ આ ગૃપની મુવમેન્ટ રાત્રીના કલાકના અરસામાં ભેરાઇ ગામના રેવન્યુ વિસ્તારમાં રેલ્વે સ્ટોન નંબર



૧૬/૭ થી ૧૬/૮ ફેંસીગની બહાર થયેલ હોય વન્યપ્રાણી સિંહના ગૃપ દ્વારા ભુંડનો શિકાર કરવામાં આવેલ. આ સમય દરમ્યાન રાજુલા સીટી થી પીપાવાવ તરફ જઇ રહેલ ટ્રેન નંબર PT/PPSP/ OCO- 4926/KMના મેસેજ રાજુલા સીટીના રેલ્વેસેવક સમીર સેલડા દ્વારા મહેન્દ્રભાઇ રેલ્વે સેવકને ટેલીફોનીક જાણ કરતા મહેંદ્રભાઈ રેલ્વે સેવક દ્વારા પીપાવાવ જતી ટ્રેનને રોકવામાં આવેલ હતી બાદમાં આઇ.વી.ગોહીલ સુચિત રેસ્ક્યુ ફોરેસ્ટર,એમ.એ.માંગાણી વનરક્ષક રેલ્વેટ્રેક બીટ-૧ તથા સ્થાનીક ટ્રેકર્સ તથા રેલ્વેસેવકો દ્વારા સ્કેનીગની પ્રક્રીયા પુર્ણ કર્યા બાદ તેમજ પાઇલોટને સિંહ સંરક્ષણ વિશેની માહીત આપી હતી. અને ૯ સિંહોને રેલ્વે ટ્રેકથી દુર ખસેડી આબાદ બચાવ કર્યો હતો. જે બાદ ટ્રેનને રવાના કરી હતી. આ કામગીરીમા પાલીતાણા શેત્રુજી ડિવિઝન ડી.સી.એફ. જયંત પટેલના માર્ગદર્શન હેઠળ રાજુલા રેન્જ ફોરેસ્ટ ઓફિસર વાય.એમ.રાઠોડની સુચના મુજબ વનપાલ, સ્થાનિક ટ્રેકર તથા રેલ્વે સેવકો દ્વારા નવ સિંહોનો સુરક્ષિત રીતે ખસેડી જીવ બચાવી સરાહનીય કામગીરી કરવામા આવી છે.

# જામનગર નજીક ખીરી પાસે ટ્રકમાં ભરેલા કોલસામાં ગરમીથી આગ ભભૂકી ઉઠતા દોડધામ મચી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીક ખીરી પાસે ટ્રકમાં બાચકામાં ભરેલા કોલસામાં ગરમીથી આગ ભભૂકી ઉઠતા દોડધામ મચી ગઇ હતી. શણ, પ્લાસ્ટીકના કોથળા અને કોલસાની ગરમી આગ પાછળ કારણભૂત છે. ફાયરના જવાનોએ ૧૦૦૦૦ લીટર પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી. જામનગર-જોડિયા ધોરીમાર્ગ પર આવેલા ખીરી ગામ નજીકની હોટલના પાર્કિંગમાં રાખવામાં આવેલા ટ્રકમાં બાચકામાં ભરેલા કોથળામાં આગ લાગી હતી. બનાવની જાણ થતાં ફાયરબ્રિગેડના જવાનો ઘટના સ્થળે દોડી ગયા હતાં અને ૧૦૦૦૦ લીટર પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી.ટ્રકની પાછળના ભાગમાં શણ અને પ્લાસ્ટીકના કોથળામાં કોલસો ભર્યો હોય અને તેની માથે પ્લાસટીકીન તાલપત્રી ઢાંકી હોય તેની અને કોલસાની ગરમીના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન વ્યકત કરાયું છે. નવા નાગના ગામે ગૌશાળામાં કચરામાં આગ જામનગરના નવા નાગના ગામે ગૌશાળામાં આવેલા કચરામાં શુક્રવારે સાંજે આગ લાગતા અફડાતફડી સાથે દોડધામ મચી ગઇ હતી. બનાવની જાણ જતાં ફાયરબ્રિગેડના જવાનો ઘટના સ્થળે દોડી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી.

# મોરબીના નવી પીપળી ગામે આધેડે ગળેફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના નવી પીપળી ગામે રહેતા સિધરાજસિહ સુરૂભા ઝાલા ઉવ-૪૯ એ ગઈકાલ તા.૦૩/૦૫ ના રોજ પોતાના ઘરે રાત્રીના કોઇપણ સમયે પોતાની જાતે ગળેફાસો ખાઈ લેતા તેમનું મરણ થયું હતું. ત્યારે સિધરાજસિંહની ડેડ બોડી ચંન્દ્રસિહ નટુભા ઝાલા મો.નં ૯૩૧૬૧-૮૧૦૪૫ મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લઇ આવેલ જ્યાં હોસ્પિટલમાં ફરજ પરના ડોક્ટરે તેઓને જોઈ તપાસી મૃત જાહેર કરી મૃતદેહના પીએમ સહિતની કામગીરી તથા ઇન્કવેસ્ટ ભરવાની કાર્યવાહી હાથ ધરવા



મોરબી તાલુકા પોલીસ મથકમાં જાણ કરતા પોલીસ ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. ત્યારે અકાળે મૃત્યુ અંગે મોરબી તાલુકા પોલીસ મથકમાં અ.મોતની નોંધ કરી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# મોરબીમાં દરબારગઢ સ્વામિનારાયણ મંદિરના સાર્ધ શતાબ્દી મહોત્સવની ઉજવણીનું કરાયું આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના દરબારગઢ ખાતે આવેલ સ્વામિનારાયણ મંદિરમાં આગામી ૧૭ મે થી ૨૩ મે એમ સાત દિવસ સુધી દિવ્ય સાર્ધ શતાબ્દીની રંગે ચંગે ઉજવણી કરવાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

મોરબી દરબારગઢ સ્વામીનારાયણ મંદિરના ૧૫૦ વર્ષના સાર્ધ શતાબ્દી મહોત્સવના ઉપલક્ષ્યમાં આગામી ૧૭ મે ૨૦૨૪ થી ૨૩ મે ૨૦૨૪ સુધી મોરબીના એસ.પી. રોડ ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવશે. જેના અનુસંધાને ગઈકાલ તા.૦૩/૦૫ના રોજ ભવ્ય વિજયસ્તંભ સ્થાપન કરવામાં



આવ્યું હતું. ત્યારે મોરબીના દરેક ભક્તિપ્રેમી જનતાને આ દિવ્ય સાર્ધ શતાબ્દી મહોત્સવમાં જોડાવા વિનંતીસહ અપીલ કરવામાં આવી છે.

## આવો સાથે મળીને મતદાન કરીએ, દેશનું સૌથી મોટું મહાપર્વ ઉજવીએ

# મતદાન જાગૃતિ અભિયાનમાં રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન સહભાગી બની

## અચૂક મતદાનનો સંદેશ આપતી ફોટોગ્રાફ ફ્રેમને સોશિયલ મીડિયામાં પોસ્ટ કરવાનો અનુરોધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોષીના નેતૃત્વ હેઠળ સ્વીપ નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસાબેન ગઢવીના માર્ગદર્શન મુજબ લોકસભા ચૂંટણી અંતર્ગત વધુમાં વધુ મતદાન થાય, તે હેતુસર મતદાન જાગૃતિ અભિયાન ચાલી રહ્યું છે. ત્યારે રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન એ મતદાન જાગૃતિ અભિયાનમાં સહભાગી બનીને અચૂક મતદાનનો સંદેશ આપતી ફોટોગ્રાફ ફ્રેમને સોસીયલ મીડિયામાં પોસ્ટ કરવાનો અનુરોધ કર્યો છે.

રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન દ્વારા મતદાન અંગે જાગૃતિ




ફેલાવવા માટે ફોટોગ્રાફ ફ્રેમ બનાવવામાં આવી છે. જેમાં 'આવો સાથે મળીને મતદાન કરીએ, દેશનું સૌથી મોટું મહાપર્વ ઉજવીએ' સૂત્ર સાથે મત આપવાની અપીલ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ગૂગલ પ્લે સ્ટોરમાંથી ફોટોરૂમ એપ્લીકેશન ડાઉનલોડ કરવાની રહેશે.

વધુમાં https://play.google.com/store/apps/details?i d= com.photo room.app લિંક પરથી એપ્લીકેશન ડાઉનલોડ કરી શકાશે. ફોટોરૂમ એપ્લીકેશનમાં કલબની ફોટોગ્રાફ ફ્રેમ અને મતદાતાનો ફોટોગ્રાફ અટેચ કરીને નવો ફોટોગ્રાફ બનાવી શકાશે.

# દુનિયાભરમાં બે દિવસ અવકાશમાં ઈટા-એક્વેરીડ્સ ઉલ્કાવર્ષાનો અદ્ભૂત નજારો જોવા મળશે

## શનિવારે મધ્યરાત્રિ બાદ ઈટા-એક્વેરીડ્સ ઉલ્કાવર્ષાનો અવકાશી નજારોઃ તા. ૫ થી ૬ મે સુધી આકાશમાં મહત્તમ ઉલ્કાવર્ષા પડતી નજરે પડશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

દુનિયાભરમાં લોકોએ જાન્યુઆરીમાં ક્વોડરેન્ટીડસ, એપ્રિલમાં લાયરીડ્સ ઉલ્કાવર્ષા સ્પષ્ટ નજરે નિહાળી હતી. વિશ્વમાં શનિવાર મધ્યરાત્રિ બાદ બે દિવસ સુધી ઈટા-એક્વેરીડ્સ ઉલ્કાવર્ષા આકાશમાં જોવા મળશે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખવાની તૈયારી આરંભી છે. તા. ૫ અને ૬ મી મે ના રોજ મહત્તમ ઉલ્કા વર્ષા પડતી જોવા મળશે. ત્યારે રાજયમાં જાગૃતોને અવકાશી ઉલ્કાવર્ષાનો અભૂત નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે શનિવારે મધ્યરાત્રિ બાદ સોમવાર પરોઢ સુધી આકાશમાં ઈટા-એક્વેરીડ્સ ઉલ્કાવર્ષા પડતી જોવા મળશે. તા. ૫ અને ૬ મે ના રોજ આકાશમાં રીતસર ઉલ્કાવર્ષાનો વરસાદ જોવા મળશે. કલાકના ૧૫ થી ૫૦ અને વધુમાં વધુ એક્સો ઉલ્કાવર્ષા આકાશમાં જોવા મળશે. કુદરતી નજારો હોય દિશા-સમયમાં થોડા ફેરફારની પુરતી શક્યતા છે.

વધુમાં પંડયા જણાવે છે કે ઈટા-એક્વેરીડ્સ ઉલ્કાવર્ષા મહત્તમ બે દિવસ



રવિવાર થી સોમવાર સવાર સુધી આકાશમાં જોવા મળશે. નરી આંખે નિર્જન જગ્યાએથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ઉલ્કાવર્ષા વર્ષ દરમ્યાન ૧૦ થી ૧૨ વખત અને વધુમાં વધુ ૫ વખત આકાશમાં જોવા મળે છે. આ ઉલ્કાવર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સૌરમંડળમાં એવા પણ ધૂમકેતુઓ છે કે જે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે. અને તેમાંથી વિસર્જીત થયેલ પર્દાફાશ ધૂમકેતુની દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધૂમકેતુ પાછળ વિસર્જીત પદાર્થોનો શેરડો છોડતો જાય છે. જયારે પૃથ્વી પર આ વિસર્જીત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. આવા સમયે તેમનો મહતમ વેગ સેકન્ડના ૩૦ કિલોમીટર જેટલાનો અનુમાન રખાય છે. વાતાવરણમાં રહેલ વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે અને તેજ લીસોટા, અગ્નિ સ્વરૂપે અવકાશમાં જોવા મળે છે. તેને પ્રકારમાં ફાયરબોલ, અગનગોળા કે ઉલ્કાવર્ષા કહેવાય છે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે.

જાથાના પંડયા વધુમાં જણાવે છે કે ઉલ્કાવર્ષા નિહાળવા મધ્યરાત્રિ બાદ અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. વિદ્દેશામાં લોકો દરિયાઈ કિનારે તથા પર્વતીય-ખડકાળ, નિર્જન જગ્યાને પસંદ કરી બે-ત્રણ દિવસનો પડાવ નાખે છે. ચારેય દિશામાં ખગોળરસિકોને ગોઠવી ઉલ્કાના આંકડાની નોંધ રાખવામાં આવે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના શ્યો અવકાશમાં જોવા મળે છે. ઘણા લોકો ગુણવત્તાના દુરબીનની વ્યવસ્થા કરી નજારો જોવે છે. ઉલ્કા વરસાદને નજરકેદ કરવા ૧૦×૫૦ નું મેગ્નીફીકેશન ધરાવતું દૂરબીન ગોઠવી શકાય છે. જાથાએ ફાયરબોલ ફોટોગ્રાફી, ઈન્ટરનેટ મિત્રોનો સહયોગ મેળવી ડીઝીટલ વિડીયોગ્રાફી કેમેરામાં કેદ કરવા આયોજન ગોઠવ્યું છે.

જાથાના જયંત પંડયાએ જણાવ્યું કે ઉલ્કા જયારે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે ત્યારે તેને મેટીયોર ઉલ્કા તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વી ઉપર રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. પૃથ્વી ઉપર દિવસ-સૂર્યપ્રકાશ દરમ્યાન પડતી ઉલ્કાઓ જોઈ શકાતી નથી. અત્યાર સુધીમાં પૃથ્વી ઉપર ઉલ્કાની રાખનો થર એક ઈંચથી વધુનો અંદાજ છે. ઉલ્કામાં લોખંડ અને નિકલ હોય છે. તેની રજને, ધૂળને ઓળખવા માટે લોહચુંબકનું પરીક્ષણ જરૂરી છે. ઈટા-એક્વેરીડ્સ ઉલ્કા વર્ષા દુનિયાના અમુક ભાગોમાં રીતસરનો વરસાદ પડશે. જાથા ઉલ્કાવર્ષાની ફોટોગ્રાફી લોકો સમક્ષ મુકશે.

જાથાનો પ્રયાસ લોકોને અવકાશ તરફ નજર કરતાં થાય, તેમાં રસ લઈ, બાળકો સાથે ખગોળીય માહિતી મેળવતા થાય, નજારો નિહાળવા માટે રાજયભરમાં જાગૃતોએ આયોજન ગોઠવ્યું છે તેમાં રાજકોટ, અમરેલી, ભાવનગર, જુનાગઢ, પોરબંદર, જામનગર, સુરેન્નગર, કચ્છ, અમદાવાદ, આણંદ, નડીયાદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ધાનેરા, ડીસા, હિંમતનગર, મોરબી, પાવગઢ, ગોધરા, વિગેરે નાના-મોટા નગરોમાં જાથાના સદસ્યો માટે એક દિવસીય મધ્યરાત્રિ-પરોઢે વ્યવસ્થા કરી છે.

ઈટા-એક્વેરીડ્સ ઉલ્કાવર્ષાનો નજારો નિહાળવાની તૈયારીમાં જાથાના અંકલેશ ગોહિલ, દિનેશ હુંબલ, નિર્ભય જોશી, રાજુ યાદવ, પાર્થ ગોહેલ, વિનોદ વામજા, નાથાભાઈ પીપળીયા, પ્રમોદ પંડયા, ભોજાભાઈ ટોયટા, જિજ્ઞેશ અમીપરા વિગેરે અનેક સદસ્યો જોડાયા છે.

રાજયમાં ઉલ્કાવર્ષા સંબંધી વિશેષ માહિતી મોબાઈલ : ૯૮૨૫૨ ૧૬૬૮૯ ત્થા ૯૪૨૬૯ ૮૦૯૫૫ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

# અટલ સરોવર ખાતે કર્મચારીને ફાયર,રેસ્કયુ અને મેડીકલ અંગે તાલીમ અપાઇ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ શાખા દ્વારા તા.૦૩/૦૫/૨૦૨૪ના રોજ ન્યુ રેસકોર્ષ,નવા ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલ અટલ સરોવર ખાતેલગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને આગ લાગે ત્યારે ફાયર સેફટીના સાધનોનો કઇ રીતે ઉપયોગ કરવો,શું કરવું અને શું ન કરવું જોઇએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્સ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો,જાળવણી અને કઇ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવોતે અંગેની તાલીમ આપવામા આવેલ.

આ સિવાય સરોવરનીમુલાકાતે આવતાસહેલાણીઓ કોઇ અકસ્માતે પાણીમા પડી જાય તો તાત્કાલિક તેનો બચાવ કઇ રીતે કરવો?તેમજ બચાવ કર્યા બાદ તેના શરીરમાથી પાણી કઇ રીતે બહાર કાઢવુ?તે અંગે ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના ચીફ ફાયર ઓફીસર આઇ. વી. ખેર, સ્ટેશન ઓફિસરશ્રી એચ.પી.ગઢવીતથા ફાયર વિભાગની ટીમ દ્વારા તાલીમ આપવામા આવેલ.

વધુમાં પબ્લિકને તેના બચાવ માટેઈડ્છેમ આપવુ?તેમજ ઉનાળાના સમયમા કોઇ વ્યક્તિને ડીહાઈડ્રેશન થયેલ હોય,તો તાત્કાલિક બચાવ માટે શુ કરવુ?તે અંગે આરોગ્ય અધિકારીશ્રી અને મેડીકલ ટીમદ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા.

# અમીન માર્ગ પર પાણીની લાઈનમાં ભંગાણ પડતા હજારો લિટર પાણીનો વેડફાટ

શહેરના રાજમાર્ગ ગણાતા અમીન માર્ગ પર આજે મહાપાલિકા તંત્ર ની બેદરકારીને કારણે ફરી એકવાર હજારો લિટર પાણીનું વેડફાટ થયો હતો અમીન માર્ગ પર પાણીની લાઈન તૂટતા સમગ્ર માર્ગ પર પાણી પાણી થઈ ગયું હતું થોડા દિવસ પહેલા પણ આજ રોડ પર પાણીની લાઈન તૂટતા હજારો લીટર પાણીનો બગાડ થયો હતો. જો કે તંત્ર દ્વારા તાત્કાલિક પાણીની લાઈન રીપેર કરાતા વધુ વેડફાટ અટકયો હતો.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

# ભાગ્ય કે નસીબ બીજું કાંઈ નથી પણ આપણું કર્મ જ છે : ડો.રાજીવ મિશ્રા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કર્મયોગ મંદિર ખાતે દર રવિવારે કર્મજ્ઞાન પર ડોક્ટર મિશ્રા દ્વારા નિશુલ્ક વ્યાખ્યાન માળા યોજાય છે. ભાગ્ય નસીબ કે ડેસ્ટીની બીજું કાંઈ નથી પણ આપણા કર્મનું જ ફળ છે જે આપણે પાછલા જન્મમાં કરેલ કર્મ આ જન્મમાં ભોગવવા માટે આવ્યા છીએ તેમ કર્મયોગી ડોક્ટર રાજીવ મિશ્રાએ કહ્યું હતું

ડોક્ટર મિશ્રાએ કર્મજ્ઞાન વિશે જણાવતા કહ્યું કે કર્મજ્ઞાનના નિરંતર અભ્યાસથી ભાગ્યના સંઘર્ષનો પુરુષાર્થ વડે હસતા મોઢે સામનો કરી ભાગ્ય



પર વિજય મેળવીએ કર્મ જ્ઞાન વિશે નાનામાં નાની માહિતી અને સમજણ ડોક્ટર મિશ્રા દ્વારા દર રવિવારે કર્મયોગ મંદિર ખાતે યોજાતી વ્યાખ્યાન માળામાં સવારે ૭.૪૦ થી ૮.૨૦ કલાક દરમિયાન આપવામાં આવે છે આ માટેનું સ્થળ કર્મયોગમ મંદિર ઇવનિંગ પોસ્ટ જુબેલી બાગ પાસે યોજાય છે વધુ વિગત માટે ડોક્ટર રાજીવ મિશ્રા ના whatsapp નંબર ૮૫૧૧૮૨૯૦૦૨ નો સંપર્ક કરવો

# રાજકોટમાં પરિણીતાને આપઘાતની ફરજ પાડનાર સાસરિયા સામે ફરિયાદ

## જામકંડોરણા રહેતા મૃતકના ભાઈએ ફરિયાદ નોંધાવીઃ પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામકંડોરણાના આંબેડકર વાસમાં રહેતા અને મજુરી કરતા મનહરભાઈ બીજલદાસ પરમાર ઉ.૨૯એ રાજકોટ રહેતા તેના બહેન કાજલબેનને મરવા મજબુર કરવા અંગે તેના પતિ હિતેશભાઈ રાઠોડ, સાસુ મંજુબેન, સસરા દેવજીભાઈ રાઠોડ અને નણંદ ગીતાબેન સામે માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે બહેનના લગ્ન ૨૦૨૦માં થયા હતા એકાદ વર્ષ પછી નણંદને તેના કાકાના દીકરા રવી સાથે સંબંધ હોય જેની જાણ બહેને કરતા ઝઘડો કર્યો હતો તે પછી મેણા ટોણા મારતા અને ત્રાસ આપતા જેથી ચાર પાંચ વખત બહેન રીસામણે આવી હતી અને છેલ્લા બે માસથી પેટ્રોલ પમ્પમાં નોકરી કરતી હતી બે દિવસની રજા લઇ ઘરે આવી ત્યારે સાસરિયાના ત્રાસ અંગે વાત કરી હતી ૨૭ તારીખે ઘરે ગઈ હતી અને હું અને હિતેશ આવતી દસ તારીખે અલગ થઇ જવાના છીએ તેવું કહ્યું હતું ગત બીજી તારીખે બહેને ફોન કરી આ કાયમીની રામાયણ છે નણંદ દરરોજ ઝઘડા કરે છે કહેતા મેં જામકંડોરણા આવવાનું કહેતા હું સાંજે આવીશ તેમ કહ્યા બાદ બનેવીએ ફોન કરી કાજલ દરવાજો ખોલતો નથી કહેતા હું રાજકોટ આવતો હતો ત્યારે ફરી ફોન કરી કાજલે આપઘાત કરી લીધો છે તેવું જણાવતા ત્રાસથી આપઘાત કર્યો હોય અંતે ફરિયાદ નોંધાવતા પીએસઆઈ જે એચ ચાવડાએ તપાસ હાથ ધરી છે.

# શાપર વેરાવળમાં હોટલમાં રોકાયા બાદ બે શખ્સોએ રૂપિયા ૧.૫૦ લાખનું બિલ ન ચૂકવી કરી ઠગાઇ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શાપર વેરાવળમાં આવેલ લોર્ડ્સ હોટલ ના સંચાલક અને મૂળ બિહારના વતની મોહિતકુમાર તેજ નારાયણ ઠાકોર નમના યુવાને નવસારીમાં આવેલ એરુ રોડ પર રૂસ્તમાની એપાર્ટમેન્ટ માં રહેતો ભાર્ગવ રમેશ ગઢવી અને નવસારીમાં વિદ્યા દર્શને એપાર્ટમેન્ટમાં રહેતો સાહિલ રમેશ પરમાર નમનાર બે શખ્સો શાપર વેરાવળ ખાતે આવેલી હોટલ લોર્ડ્સમાં વિશ્વાસ કેળવી રોકાયા હતા અને રૂમનું ભાડું તથા જમવાનું બિલ રૂપિયા ૧.૫૦ લાખ થઈ ગયા બાદ બંને શખ્સો બિલ ચૂકવ્યા વગર નાસી જતા સાપર વેરાવળ પોલીસમાં હોટલના સંચાલકે ફરિયાદ નોંધાવી છે બનાવના પગલે હેડ કોન્સ્ટેબલ પીએ જાડેજાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# સાંઈબાબા સર્કલ પાસે ગુલાબનગરમાં પાણીના ટાંકામાં ડુબી જતા યુવાનનું મોત

## અકસ્માતે પડયો કે કોઈએ ધકકો માર્યાનો આક્ષેપ થતા લાશનું ફોરેન્સીક પીએમ કરાવાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં સાંઈબાબા સર્કલ પાસે ગુલાબનગરમાં રહેતા યુવકનું પાણીના ટાંકામાં પડી જવાથી મોત નિપજ્યું હતું. જ્યારે ફાયરબ્રિગેડની ટીમે યુવકના મૃતદેહને બહાર કાઢી ફોરેન્સિક પીએમ કરાવવા માટે સિવિલમાં ખસેડયો હતો. વિગત અનુસાર સાંઈબાબા સર્કલ પાસે ગુલાબનગર શેરી નં-૬માં રહેતા સોમનાથ શંભુભાઈ ચૌહાણ(ઉ.વ.૨૫) નામના યુવકનું પાણીના ટાંકામાં પડી જવાથી મોત નિપજ્યું હતું. યુવક મૂળ ઉત્તર પ્રદેશનો હતો. અને તે ઘણાં વર્ષોથી રાજકોટમાં રહેતો હતો. યુવક પોતાનાં ઘરે આજે પાણીના ટાંકામાં પડેલ હોય જેની જાણ ફાયબ્રિગેડની ટીમને થતાં તુરંત ત્યાં દોડી ગઈ હતી. અને ફાયબ્રિગેડની ટીમે યુવકને પાણીના ટાંકામાંથી બહાર કાઢ્યો હતો.બાદ ૧૦૮ ની ટીમે જોઈ તપાસી યુવકને મૃત જાહેર કર્યો હતો. મૃતક કડિયા કામ કરતો હતો. તે ત્રણ ભાઈ અને બે બહેનમાં સૌથી નાનો હતો. બનાવની જાણ આજીડેમ પોલીસને થતાં તુરંત ત્યાં દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. હાલ મૃતક ટાંકામાં પડયો કે કોઈએ ધક્કો માર્યો તે જાણવા આજીડેમ પોલીસે તેનું ફોરેન્સિક પીએમ કરાવ્યું હતું.

# કલેકટર કચેરી ખાતે મેજિક રંગોળી પ્રદર્શનને ખુલ્લુ મુક્તા ચૂંટણી અધિકારી પ્રભવ જોશી

## સમગ્ર જિલ્લામાં સામૂહિક રંગોળી થકી મતદારોને પ્રેરિત કરાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં નાગરિકો મહત્તમ મતદાન કરે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ સિસ્ટેમેટીક વોટર્સ એજ્યૂકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન અને ટર્ન આઉટ ઈમ્પ્લિમેન્ટેશન પ્લાન અંતર્ગત મતદારોને જાગૃત કરવા હાલ જિલ્લામાં વિવિધ સમૂહ કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. જે અન્વયે આજે કલેક્ટર કચેરી ખાતે મતદાન પ્રેરિત રંગોળી દ્વારા મતદાર જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો. કલેક્ટર પ્રભવ જોશીના હસ્તે કલેક્ટર કચેરી ખાતે રંગોળી કલાકાર પ્રદીપભાઈ દવે દ્વારા વક્રીભવનના વિજ્ઞાનનો પ્રયોગ કરીને બનાવવામાં આવેલી પાણીમાં તરતી મેજિક રંગોળીના પ્રદર્શનને દીપ પ્રાગટ્ય કરી ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ મેજિક રંગોળી કલેક્ટર કચેરી ખાતે તા.૦૭ મે 'મતદાન દિવસ' સુધી પ્રદર્શિત કરવામાં આવશે. સાથે જ વિવિધ ગ્રામ્ય વિસ્તારોની સખી મંડળની બહેનો દ્વારા કલેક્ટર કચેરી ખાતે વિશાળ રંગોળીનું નિર્માણ કરી મતદારોને પ્રેરિત કરવામાં આવ્યા હતા. કલેક્ટરશ્રીએ બંને રંગોળીની પ્રશંસા કરી,તેમના કલાકારોને બિરદાવ્યા હતા.

વધુમાં રાજકોટ તાલુકાના નેશનલ રૂરલ લાઈવલી હુડ મિશનના આસિસ્ટન્ટ પ્રોજેક્ટ મેનેજર તૃપ્તિબેન ટાંકએ જણાવ્યું હતું કે, સ્વીપ નોડલ ઓફિસર જિજ્ઞાસાબેન ગઢવીના માર્ગદર્શનમાં તાલુકા સેવા સદન જસદણ, રાજકોટ પૂર્વમાં ગવર્મેન્ટ ફાર્મસી કોલેજ, તાલુકા સેવાસદન ધોરાજી, માતૃશ્રી વીરબાઈમાં મહિલા કોલેજ, ગૌરીદડ, છાપરા, કસ્તુરબાધામ, પીપળીયા, માલિયાસણ, ખારચીયા સહીતના ગામોમાંથી સખીમંડળની અંદાજે ૨૫ બહેનોએ જિલ્લા કલેક્ટર કચેરી, જૂની કલેક્ટર કચેરી, બહુમાળી ભવન ચોક અને જિલ્લા પંચાયત કચેરી ખાતે રંગોળી કરીને મતદાનના મહત્વને ઉજાગર કર્યું છે. ત્યારે આ બહેનોએ મતદાન જાગૃતિ અભિયાનમાં પોતાનામાં રહેલી કળાનું યોગદાન આપી શકવા બદલ ઉત્સાહ વ્યક્ત કર્યો હતો.

કલેક્ટર કચેરી ખાતે આ કાર્યક્રમમાં અધિક નિવાસી કલેક્ટર ચેતન ગાંધી, અધિક ચૂંટણી અધિકારી એન.કે.મુછાર, પુરવઠા અધિકારીશ્રી રાજેશ્રી વંગવાણી, સ્વીપના નોડલ જિજ્ઞાસાબેન ગઢવી, એમસીએમસી નોડલ અધિકારીશ્રી સોનલબેન જોષીપુરા, મામલતદાર દવે તથા નાયબ મામલતદાર પ્રીતિબેન વ્યાસ તેમજ કલેક્ટર કચેરીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ચૂંટણીને આવકારવા રાજકોટ, જસદણ, વાંકાનેર તાલુકાઓની શાળાઓમાં છાત્રો દ્વારા પૂરાઈ રંગોળી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકશાહીનો અવસર એટલે કે લોકસભાની ચૂંટણીમાં મતદાનનો અવસર આવી પહોંચ્યો છે. ૭મીએ મેના રોજ ૧૦-રાજકોટ સંસદીય વિસ્તારમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રભવ જોશીના નેતૃત્વમાં સઘન મતદાન જાગૃતિ ઝુંબેશ ચાલી રહી છે.

જે અંતર્ગત આજરોજ વિવિધ વિસ્તારોમાં શાળાઓ, સંસ્થાઓ તેમજ જાહેર સ્થળોએ રંગોળીઓ કરીને લોકશાહીના અવસરના વધામણા સાથે નાગરિકોને મતાધિકારનો ઉપયોગ કરવા અપીલ કરાઈ હતી. વડાળી, હડાળા તથા કાથરોટ ગામે શાળાઓમાં આજે રંગોળી રચીને લોકશાહીને અવસરનો ઉમંગ વ્યક્ત કરાયો હતો. આ ઉપરાંત ૬૭-વાંકાનેર વિધાનસભા મત વિસ્તાર તેમજ ૭૨-જસદણ વિધાનસભા મત વિસ્તારમાં શહેર તેમજ ગ્રામ્યમાં વિવિધ શાળાઓમાં રંગોળી કરવામાં આવી હતી. આજની રંગોળી ઈવેન્ટમાં રાજકોટની ધોળકીયા સ્કૂલ, બાઈસાહેબ બા ગર્લ્સ હાઈસ્કૂલ, ગોંડલની એચ.ડી. ગાર્ડી સ્કૂલ તો વડાળી, ઢાંઢણી, હડાળા, હડમતીયા, લીલી સાજડીયાડી સહિતની વિવિધ



પ્રાથમિક શાળાઓમાં છાત્ર-છાત્રાઓ ઉત્સાહપૂર્ણ રીતે જોડાયા હતા. ઉપરાંત જસદણ નગરમાં જાહેરમાં રંગોળી કરવામાં આવી હતી. આ રંગોળીઓના માધ્યમથી ''મારો મત મારો અધિકાર'' જેવા સંદેશા સાથે ૭મી મેના રોજ લોકસભા ચૂંટણીમાં અચૂક મતદાન માટે રંગભરી અપીલ કરવામાં આવી હતી.

# ભાવનગર રોડ પર માંડા ડુંગરમાં યુવાને ગૃહકલેશના કારણે જીવન ટુંકાવ્યું

## યુનિવર્સિટી રોડ પર યુવાને ઝેરી દવા પી કર્યો આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં માંડા ડુંગરમાં રહેતા ૨૮ વર્ષીય યુવકે ગૃહ કલેશથી કંટાળી ગળેફાંસો ? ખાઈ આપઘાત કરી લીધો હતો. બીજા બનાવમાં કાલાવડ રોડ પર રહેતા ૧૮ વર્ષીય યુવકે યુનિવર્સિટી રોડ પર ઝેરી ? દવા ગટગટાવી આપઘાતનો પ્રયાસ કરતાં તેને સારવાર માટે ? ખસેડવામાં આવ્યો છે.

પ્રથમ બનાવની મળતી વિગતો મુજબ માંડા ડુંગરમાં ? રહેતો કમલેશ પાંચાભાઈ ધોરજીયા (ઉ.વ.૨૮) નામનાં યુવકે ? પોતાનાં ઘરે ગળાફાંસો ખાઈ લેતા યુવકને તુરંત સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતાં તેઓનાં પરિવારમાં ? ગમગીની છવાઈ ગઈ છે. તેઓ બે ભાઈ અને ત્રણ બહેનમાં મોટો હતો. તેમજ ઈમીટેશનનું કામ કરતો હતો. અને તેને ગૃહ કલેશ કંટાળી આ પગલું ભર્યું હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું. હાલ આજીડેમ પોલીસ બનાવની નોંધ કરી કાર્યવાહી કરી છે.બીજા બનાવમાં કાલાવડ રોડ પર પાસે કાલાવડ રોડ પર રહેતો ૧૮ વર્ષીય સંજુ ભોજબહાદુર પાટીયા નામના યુવકે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તેઓ રાત્રિનાં યુનિવર્સિટી રોડ પર જેશન સ્ટોક નામની દુકાન પાસે ઝેરી દેવા પી લેતાં યુવકને તુરંત સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર હેઠળ છે.યુવક શાપરની એક હોટલમાં કામ કરે છે. તેઓ ગઈકાલે શાપરથી ઇન્દિરા સર્કલ પાસે મિત્રને મળવા આવ્યો હતો. બાદ યુવકે આ પગલું ભર્યાનું જાણવા મળ્યું હતું.

# મોવિયા ગામે મહિલાઓએ રંગોળી અને મહેંદી દ્વારા મતદાન જાગૃતિનો સંદેશ આપ્યો





**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી લોકસભા સામાન્ય ચુંટણીમાં મત આપવા માટે તા.૭ મેના રોજ એટલે કે મંગળવારનો દિવસ નિર્ધારિત છે, ત્યારે સમગ્ર રાજકોટના મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે સજ્જ થઈ રહ્યાં છે. રાજકોટ સંસદીય મતવિસ્તારના તમામ ભાગોમાં વિવિધ મતદાતા જાગૃતિ પ્રવૃત્તિઓ સતત ચાલી રહી છે. જે ઉપક્રમે મોવિયા ગામે મહિલાઓએ એકત્રિત થઈને ઘરમાં રંગોળી દોરીને લોકશાહીના પર્વના વધામણાં કર્યા હતાં. વધુમાં હથેળીમાં 'મારો મત, મારો અધિકાર' સુત્ર લખેલી મહેંદી મૂકીને ગૃહિણીઓને 'પહેલા મતદાન, પછી ઘરકામ' સૂત્ર મુજબ પોતાના મતાધિકારનો ઉત્સાહપૂર્વક ઉપયોગ કરવા પ્રેરણા આપી હતી.

# હવે હવામાન જાણવામાં આપને મદદ કરશે, આ ૪ ભારતીય એપ્લિકેશન

## ભારતીય હવામાન વિભાગની મૌસમ, દામિની, મેઘદૂત અને પબ્લિક ઓબ્ઝર્વેશન એપ્સ દ્વારા લોકોને આંગળીના ટેરવે મળશે હવામાનની માહિતીઃ વાવાઝોડું, વીજળી, હીટવેવ, માવઠા વિશે જાણકારી સાથે બચવાના ઉપાયો પણ મળશે આપના મોબાઈલ પર




**મુખ્ય સમાચાર, રાજકોટ**

હાલ ગરમીનો પારો ખૂબ ઉંચો જઈ રહ્યો છે. અનેક વિસ્તારોમાં લોકો હીટ વેવનો માર સહન કરી રહ્યા છે. ત્યારે આ હીટ વેવની આગાહી હોય કે કમોસમી વરસાદ હોય, ચોમાસાની ઋતુની એકંદર સ્થિતિ હોય કે શિયાળાના પવનોની સ્થિતિ દરેક ઋતુ વિશે આપણને ભારતીય હવામાન વિભાગ દ્વારા આગોતરી જાણ કરવામાં આવે છે. અતિવૃષ્ટિ હોય કે અતિ ગરમીના સમયમાં સ્થિતિ અનુસાર આગોતરા પગલાં લેવા આપણને હંમેશા સાવચેત કરવામાં આવે છે.

ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા હવે દરેક નાગરિકને પોતાના મોબાઇલ ફોન પર જ આંગળીના ટેરવે પોતાના શહેર/ગામ સહિતના વિસ્તારોના હવામાનની તમામ માહિતી મળી રહે તે માટે વિશિષ્ટ ફીચર સાથે તદ્દન ભારતીય એવી ૪ એપ્લિકેશન વિકસાવવામાં આવેલી છે. આ એપ્લિકેશનમાં પ્રથમ છે, મૌસમ એપ્લિકેશન.

૧) મૌસમ એપ્લિકેશન

હવામાનની આગાહી અને ચેતવણી સેવાઓના પ્રસારમાં સુધારણા માટે મોબાઈલ એપ ''મૌસમ'' લોન્ચ કરવામાં આવી છે. વપરાશકર્તાઓ અવલોકન કરેલ હવામાન, આગાહીઓ, રડાર છબીઓને એક્સેસ કરી શકે છે અને આગામી હવામાનની ઘટનાઓ વિશે સક્રિયપણે ચેતવણી મેળવી શકે છે. મૌસમ મોબાઇલ એપ્લિકેશનમાં ૨૦૦ શહેરો માટે વર્તમાન તાપમાન, ભેજ, પવનની ગતિ અને દિશા દિવસમાં ૮ વખત અપડેટ કરવામાં આવે છે.

સૂર્યોદય/સૂર્યાસ્ત અને ચંદ્રોદય વિશેની માહિતી મૂનસેટ પણ આપવામાં આવે છે. હવામાન વિભાગના રાજ્ય હવામાન કેન્દ્રો દ્વારા ભારતના આશરે ૮૦૦ સ્ટેશનો અને જિલ્લાઓ માટે સ્થાનિક હવામાનની ઘટનાઓ અને તેમની તીવ્રતાની ત્રણ કલાકની ચેતવણીઓ જારી કરવામાં આવે છે. ગંભીર હવામાનના કિસ્સામાં, તેની અસર પણ ચેતવણીમાં સામેલ હોય છે. ભારતના ૪૫૦ શહેરોની છેલ્લા ૨૪ કલાક અને ૭-દિવસના હવામાનની સ્થિતિઓની સચોટ આગાહી પણ કરવામાં આવે છે.

આ એપ્લિકેશન જોખમી હવામાન વિશે નાગરિકોને ચેતવણી આપવા માટે આગામી પાંચ દિવસ અંગેની આગાહી જાહેર કરી, કલર કોડ (લાલ, નારંગી અને પીળો)માં તમામ જિલ્લાઓ માટે દિવસમાં બે વખત ચેતવણીઓ જાહેર કરે છે. જેમાં ''લાલ'' કલર કોડએ સૌથી ગંભીર કેટેગરી છે જે અધિકારીઓને પગલાં લેવા વિનંતી કરે છે, ઓરેન્જ કોડ સત્તાવાળાઓ અને લોકોને સતર્ક રહેવા માટે કહે છે અને યલો કોડ સત્તાવાળાઓ અને લોકોને પોતાને અપડેટ રાખવા માટે કહે છે.

૨) દામિની એપ

ESSO-IITM દ્વારા મોબાઈલ એપ DAMINI-LIGHTNING વિકસાવવામાં આવી છે. આ એપ વર્તમાન વીજળી પડવાનું ચોક્કસ સ્થાન, ૪૦ ચો.કિ.મી.ના વિસ્તારની આસપાસ તોળાઈ રહેલી વીજળીના સંભવિત સ્થાનો અને વાવાઝોડાની હિલચાલ અને દિશા વિશે વિગતો આપે છે. દામિની વીજળી દરમિયાન લેવાના સાવચેતીનાં પગલાંની પણ સૂચિ આપે છે અને વીજળી વિશે કેટલીક સામાન્ય માહિતી તથા ખરેખર તોળાઈ રહેલી વીજળીની પ્રવૃત્તિ વિશે અગાઉથી માહિતી મેળવવામાં મદદ કરે છે.

ચોમાસા દરમિયાન વીજળી પડવાની ઘટનાઓને લીધે અનેક લોકો ખાસ કરીને ખેડૂતો તેમજ તેમના પશુઓના જીવ જોખમમાં હોય છે ત્યારે આ એપ્લિકેશનના ઉપયોગ દ્વારા વીજળી નાટકવાની ખેતી વખતે તેનાથી બચીને સલામત સ્થળે પહોંચવામાં મદદ મળી રહે છે.

૩) મેઘદૂત એગ્રો એપ

ભારતીય કૃષિ હવામાન આધારિત છે ત્યારે મેઘદૂત એગ્રો એપ્લિકેશન દ્વારા ખેડૂતોને દર મંગળવાર અને શુક્રવારે ભૂતકાળ અને હવામાનની આગાહીના વિશ્લેષણના આધારે પાક અને પશુધન વ્યવસ્થાપન અંગે જિલ્લાવાર સલાહ આપવામાં આવે છે. તે ખેડૂતોને પાકની વાવણી, જંતુનાશક અને ખાતરનો ઉપયોગ, સિંચાઈના સમયપત્રક અને પ્રાણીઓના રસીકરણ જેવા હવામાન-સંવેદનશીલ નિર્ણયો લેવામાં મદદ કરશે.

પાક સલાહકાર ઉપરાંત, એપ્લિકેશન વર્તમાન હવામાનની માહિતી, વરસાદ, તાપમાન, ભેજને લગતા પાંચ દિવસના ભૂતકાળ અને આગાહી પણ પ્રદાન કરે છે. પવનની ગતિ અને દિશા કૃષિ કામગીરીમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે તે જાણવામાં આ એપ ખૂબ ઉપયોગી બને છે.

૪) પબ્લિક ઓબ્ઝર્વેશન એપ

આ એપ્લિકેશન વપરાશકર્તાઓને સ્થાન મુજબ હવામાનની માહિતી પ્રદાન કરે છે. યૂઝર્સ આ એપ પર ઝડપી અને અદ્યતન એમ બે મોડ દ્વારા ફીડબેક પણ આપી શકે છે.

આ તમામ મોબાઈલ એપ પ્લેસ્ટોર અને એપસ્ટોર બંને પર ઉપલબ્ધ છે. મોબાઇલ એપ્લિકેશન્સ આકર્ષક અને વપરાશકર્તા માટે સરળ છે. હવામાન માહિતી અને ચેતવણીઓના પ્રસાર માટે આ એપ્સ મહત્વપૂર્ણ સાધન છે ત્યારે ઝડપથી બદલાતા વૈશ્વિક હવામાનમાં ભારતીય નાગરિક પોતાની જરૂરિયાતો અને સાવચેતીઓને સમજી શકે તે માટે આ એપ્લિકેશન ખૂબ આવશ્યક અને ઉપયોગી છે.

# યુનિવર્સિટી પોલીસ મથકમાં પ્રેમી પંખીડાનો આપઘાતનો પ્રયાસઃ યુવતીનું મોતઃ યુવક ગંભીર

## નખત્રાણાના મોટી વિરાણી ગામેથી બંને ભાગ્યા'તાઃ રાજકોટમાં લોકેશન મળતા પોલીસે અટકાયતમાં લઈ કચ્છ પોલીસને જાણ કરી


**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના યુનીવર્સીટી પોલીસ મથકમાં પ્રેમી પંખીડાનો સામુહિક આપઘાતની ઘટનાનો બનાવ બનવા પામ્યો હતો જેમાં કચ્છના નખત્રાણાથી ભાગીને રાજકોટમાં આશરો લેનાર પ્રેમી પંખીડાને લોકેશન આધારે શોધી પોલીસ સ્ટેશને લાવતા પરિવાર એક નહી થવા દે તેવી બીકે નાગરિક સુવિધા કેન્દ્રમાં રૂમનો દરવાજો અંદરથી બંધ કરી બંનેએ ગળામાં બ્લેડના ઘા ઝીકી દેતા યુવતીનું મોત થયું હતું જયારે યુવકને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પીટલે ખસેડાયો હતો બનાવને પગલે પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.





(તસ્વીરઃ આનંદ જાવિયા)



આ અંગેની માહિતી મુજબ કચ્છના નખત્રાણાથી ભાગીને આવેલ પ્રેમી પંખીડાએ યુનીવર્સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આશરો લીધો હતો આ અંગે નખત્રાણા પોલીસ મથકમાં જાણ કરાઈ હતી દરમિયાન ત્યાંની પોલીસ દ્વારા તપાસ કરવામાં આવતા રાજકોટનું લોકેશન આવતા સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી જે આધારે પોલીસે પ્રેમી યુગલને પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યું હતું જેમાં યુવતીનું નામ પૂજા અને યુવકનું નામ વિનોદ હોવાનું જાણવા મળ્યું હતું

રાત્રે નવેક વાગ્યે બંનેને નાગરિક સુવિધા કેન્દ્રમાં બેસાડવામાં આવ્યા હતા ત્યારે હવે પોલીસ નખત્રાણા લઇ જશે અને પરિવાર એક નહી થવા દયે તેવી બીકે બંનેએ રૂમનો દરવાજો અંદરથી બંધ કરી પોતાના ગળે બ્લેડના ઘા ઝીકી દેતા દેકારો થતા અન્ય પોલીસ સ્ટાફ દોડી આવ્યો હતો પ્રેમી યુગલ લોહીલુહાણ, હાલતમાં પડડ્યું હોય તુરંત ૧૦૮ને જાણ કરતા ૧૦૮નો સ્ટાફ દોડી આવ્યો હતો ૧૦૮ના સ્ટાફે જોઈ તપાસી યુવતીને મૃત જાહેર કરી હતી જયારે ૨૫ વર્ષીય યુવકની હાલત ગંભીર હોય તેનેસારવાર અર્થે સિવિલ હોસ્પીટલે ખસેડતા ઓપરેશન થીયેટરમાં લઈ જવાયો હતો જો કે તેની હાલત પણ નાજુક હોવાનું જાણવા મળ્યું છે બનાવને પગલે ભારે ચકચાર મચી જવા પામી છે પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# રાજકોટથી બાળક ભુલમાં વેરાવળ પહોંચી ગયોઃ એસ.ટી. બસના સ્ટાફે હેમખેમ પરિવારને સોંપ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટથી ભુલમાં એક બાળક વેરાવળ પહોચી ગયો હતો જયા એસ.ટી. વોલ્વો બસના સ્ટાફને ધ્યાને આવતા તેઓએ બાળકને હેમખેમ પરત રાજકોટ લઈ આવી વાલીને પરત સોંપ્યો હતો. જયા પરિવારજનોએ એસ.ટી. સ્ટાફનો આભાર માન્યો હતો.


રાજકોટ વોલ્વો ડેપો દ્વારા સંચાલિત રાત્રે ૨૨:૦૦ કલાકે ઉનાથી ઉપડતી ઉના-રાજકોટ AC બસ આશરે ૧૨:૩૦ કલાક આસપાસ વેરાવળ બસ સ્ટેશન ખાતે પહોંચતા સાત આઠ વર્ષની ઉંમરનો એક માસુમ બાળક મોડી રાત્રીના વેરાવળ બસ




સ્ટેન્ડમાં એકલો બેઠો હતો. જેથી ફરજ પરના કંડકટર જેસલ ડાભી દ્વારા આ બાળકને ક્યાં જવાનું છે એવી પૂછપરછ કરતા બાળકે કહ્યુ હતું કે, ''મારુ નામ સાહિલ મુકેશભાઈ પરમાર છે. ભૂલથી રાજકોટથી ટ્રેનમા બેસી ગયો હતો અને સોલવંટ ખાતે રહું છું.'' જેથી કંડકટર દ્વારા તુરંત આ બાબતે રાજકોટ વોલ્વો ડેપો મેનેજર એન. વી.ઠુંમરને જાણ કરતા તેઓએ તુરંત બાળકની ટિકીટના પૈસા ચૂકવી તેને રાજકોટ પરત લઈ આવવા માટે કહ્યુ હતું. જેથી બાળકને રાજકોટ લાવી તેને બતાવેલા સરનામે હેમખેમ પરિવારને પરત સોપ્યો હતો. છેલ્લા બે દિવસથી વ્હાલસોયા પોતાના બાળકની શોધખોળ કરતા હતા તે સહિસલામત પરત આવતા પિતાએ એસ.ટી.વિભાગનો આભાર માન્યો હતો.

# માનસિક બિમાર શખ્સે હોસ્પિટલ તંત્રને ગાંડુ કર્યુંઃ રેસ્કયુ કરી ચોથા માળેથી ઉતાર્યો





(તસ્વીરઃ આનંદ જાવિયા)



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની સિવીલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરના ચોથા માળે મોડીરાત્રીના ચડી ગયેલા માનસિક અસ્થિર યુવાને ગામ ગાડું કર્યું હતું. બનાવના પગલે હોસ્પિટલમાં લોકોના ટોળા એકઠા થઇ ગયા હતા. આ બનાવ અંગેની જાણ થતાં ફાયર બ્રિગેડ તથા પોલીસ સ્ટાફ દોડી ગયો હતો.અને યુવાનને મહા મહેનતે સહિ સલામત નીચે ઉતારવામાં આવ્યો હતો. જો કે, રેસ્કયું દરમિયાન ચાર પોલીસ કર્મચારી ઘવાયા હતા. મોડીરાત્રીના હોસ્પિટલમાં આવી ચડેલ માનસીક બીમાર યુવાન હોસ્પિટલ તંત્રની જાણ બહાર ચોથા માળે ચડી ગયો હતો. અને બિલ્ડીંગ ઉપરથી કૂદકો મારવાનો પ્રયાસ કરતો હતો. આ બનાવની જાણ થતા ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ ડોડીયા સહિતનો સ્ટાફદોડી ગયો હતો.અને ચોથા માળે ચડેલા યુવાનને નીચે ઉતારવા રેસ્કયું હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન કાચની બારી તોડી નાંખવામાં આવતા તેના કાચ પીએસઆઈ અને યુવાન સાથેની ઝપાઝપીમાં અન્ય ત્રણ પોલીસ કર્મીને ઈજા થઈ હતી. આમ છતાં પોલીસ સ્ટાફે કૂનહે પૂર્વક ઝડપી લઈ નીચે ઉતાર્યો હતો.

હોસ્પિટલમાં થોડીવાર માટે ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા.યુવાન માનસિક અસ્થિર હોવાનું આવ્યું હતું.અને યુવાનના પરિવારની શોધખોળ હાથ ધરી છે.યુવાને હેમખેમ નીચે ઉતારવામાં આવતા પોલીસ અને ફાયરે રાહત અનુભવી હતી.

# વિરવા ગામે પ્લાસ્ટીકના કારખાનામાં ભીષણ આગઃ બે કરોડનું નુકસાન

## મશીનરી, કાચો માલ અને સર સામગ્રી બળીને ખાખ થઈ ગઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે શાપર વેરાવળ નજીક આવેલા વિરવા ગામે પ્લાસ્ટીકના કારખાનામાં ભીષણ આગ ભભૂકી ઊઠી હતી. પ્લાસ્ટીકના પાઉચ બનાવવાના કારખાનામાં ગત રાત્રે આગ ભભુકી ઉઠી હતી. પ્રિન્ટીંગ વિભાગમાં લાગેલી આગ જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણા કરી લેતા સમગ્ર કારખાનાને ઝપેટમાં લઈ લીધું હતું. બનાવને પગલે રાજકોટ, ગોંડલ અને શાપરના ફાયર ફાયટરોએ દોડી જઈ આગ ઉપર કાબૂ મેળવ્યો હતો. આગમાં સમગ્ર કારખાનું બળીને ખાક થઇ ગયું હતું. મશીનરી, કાચો માલ, કોમ્પ્યુટર સહિતની સ્તુઓ બળી જતાં અંદાજે કરોડનું નુકશાન થયું હતું. આગ શોર્ટ સર્કિટથી લાગી હોવાનું જાણવા મળ્યું છે જોકે સદનસીબે કોઈ જાનદાની થઈ ન હતી.

જાણવા મળતી વિગત મુજબ શાપર વેરાવળ પાસે આવેલા લોધીકાના વીરવા ગામે જે.કે.પોલીમર નામના પ્લાસ્ટીકના પાઉચ બનાવવાના કારખાનામાં ગઇકાલે સાંજે ૭ વાગ્યાના અરસામાં પ્રિન્ટીંગ વિભાગમાં આગ ભભૂકી ઉઠી હતી. આગને પગલે કારખાનામાં કામ કરતા શ્રમિકોમાં નાસભાગ મચી જવા પામી હતી. શ્રમિકો સમયસૂચકતા વાપરી કારખાનાની બહાર દોડી આવ્યા હતા. થોડી જ વારમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા સમગ્ર કારખાનાને ઝપેટમાં લઈ લીધું હતું. આગની જાણ થતા રાજકોટ, ગોંડલ અને શાપર ફાયર બ્રિગેડની ટીમો ફાયર ફાયટર સાથે ઘટનાસ્થળે દોડી ગઈ હતી. અહીં પ્લાસ્ટીકના મશીન બ્લોક, કટીંગ મશીન, કોમ્પ્યુટર મિકસર સહિતના સામાનમાં લાગેલી આગ ઉપર હતું.

પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબૂ મેળવવા પ્રયાસો હાથ ધર્યા હતા. અંદાજે ચાર કલાકની જહેમત બાદ આગ ઉપર કાબૂ મેળવ્યો હતો. ઘટનાસ્થળે કારખાના માલીક ધવલભાઈ કોટડીયા હાજર હતા. તેમણે જણાવ્યું કે તેઓ કારખાનામાં પ્લાસ્ટીક પાઉચ બનાવે છે અને કારખાનામાં પાંચ કારીગર કામ કરે છે. ગઈકાલે સાંજે મશીનમાં શોર્ટ સર્કિટ થતા આગ ભભૂકી ઉઠી હતી. જોકે આગમાં કોઇ જાનદાની થઈ નથી પરંતુ કારખાનામાં રહેલા પ્લાસ્ટીક મશીન, કટીંગ મશીન, કોમ્પ્યુટર મીક્ષર, પેનલ વજન કાંટા અને રો મટીરીલ્સ સહિત કારખાનું બળીને ખાક થઈ જતા અંદાજે રૂા. બે કરોડનું નુકશાન થયાનું જણાવ્યુ હતું.

# સામા કાંઠે ચુનારાવાડમાં નામચીન શખ્સ દારૂના જથ્થા સાથે ઝડપાયો, અન્ય એક ની શોધખોળ

## કુવાડવા રોડ પર ચામુંડા નગરનો બુટલેગર પાસામાં ધકેલાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં લોકસભાની ચૂંટણી ના કારણે પોલીસ દ્વારા રાજમાર્ગો પર સતત વાહન ચેકિંગ હાથ ધરવામાં આવતું હોય જેના પગલે બુટલેરો દ્વારા દારૂનો વેપલો બંધ કરી દેવામાં આવ્યો હોય અને શહેરમાં દારૂની અછત યાસીઓમાં વર્તાઈ રહી હોય આવા સંજોગોમાં ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે સામા કાંઠે ચુનારાવાડમાં દરોડો પાડી એક શખ્સને દારૂના જથ્થા સાથે દબોચી લઈ અન્ય એકની શોધ ખોળ આદરી છે.





આ અંગેની માહિતી મુજબ ક્રાઈમ બ્રાન્ચ ના પીઆઇ ગોંડલીયા ની સુચનાથી પીએસઆઇ ડીસી સાકરીયા અને તેની ટીમના માણસો સામે કાંઠે ચુનારા વાળું વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે ચુનારા વાળ શેરી નંબર ત્રણમાં રહેતો સુરેશ ઉર્ફે સાગર દેવરાજ હડાણા ના મકાનમાં દરોડો પડતા વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો અને ચપલા મળી આવતા પોલીસે રૂપિયા ૬૦,૦૦૦ ની કિંમત નો દારૂનો જથ્થો કબજે કરી આખરી પૂછપરછ કરતા આ દારૂનો જથ્થો કાલાવડ રોડ પર આવેલ વૃંદાવન આવાસ યોજના ક્વાર્ટર માં રહેતો ઈરફાન અલિયા સૈયદ નામનો ઈસમ આપી ગયો હોવાની કબુલાત આપતા પોલીસે આ ઈરફાન ની શોધ કોડાદરી છે.

જ્યારે અનેક બનાવમાં સામા કાંઠે કુવાડવા રોડ પર આવેલ ચામુંડા નગર માં રહેતો અને અગાઉ અનેકવાર દારૂ નું વેચાણ કરવાના ગુનામાં પોલીસના ચોપડે ચડી ચૂકેલો મોહિત બટુક બારૈયા ગામના કોળી શખ્સને અટકાયતમાં લઈ ભક્તિનગર પોલીસ મથકના પીઆઇ એમએમ સરવૈયા સહિત ના સ્ટાફે આ બુટલેગરના પાસાના કાગડો તૈયાર કરી વળી કચેરીએ મોકલાવવામાં આવતા અને તેના પર પોલીસ કમિશનરે મહોર લગાવી દેતા આ બુટલેગર મોહિત બારૈયા ને પાસામાં જામનગર જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

# કોઠારીયા રોડ પર શીતળાધારમાં વિદેશી દારૂ ભરેલી કાર સાથે બે શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે કોઠારીયા રોડ પર આવેલા શીતળાધાર વિસ્તારમાં આજીડેમ પોલીસના કોન્સ્ટેબલ ગોપાલભાઈ બોડીયા સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે શીતળા આધાર વિસ્તારમાં સરદાર ગૌશાળા પાસે હતા ત્યારે બંનેનો કાર નંબર લષ ૩ ક્ષ સ ૪૭ ૮૯ માં કોઠારીયા સોલ્વન્ટ પાસે સીતારામ સોસાયટી શેરી નંબર સાતમાં રહેતો રોહિત રમેશ પરમાર અને અન્ય એક શખ નીકળતા પોલીસે કારને અટકાવી તલાસી લેતા વિદેશી દારૂના ચપલા અને બોટલો મળી આવતા પોલીસે રૂપિયા ૨૯ હજાર નો દારૂ સાથે રોહિત પરમાર અને અભય જીતુ કોડીયાતર નામના બે શખ્સોની ધરપકડ કરી કાર સહિત ₹ ૬.૨૯ લાખનો મુદ્દા માલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તબીબી અધિક્ષકની પુત્રીને છુટો દોર

## સરકારી હોસ્પિટલમાં સેવા આપવી ફરજીયાત હોય (બોન્ડ) છતા ડો.રાધા ત્રિવેદી ઓનલાઈન હાજરી પુરી જતા રહેતા ગાંધીનગરથી તપાસના આદેશો કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની સિવિલ હોસ્પિટલમાં તબીબી અધિક્ષક ડો. આર. એસ. ત્રિવેદીના પુત્રી ડો. રાધા ત્રિવેદી બે બે મહિનાથી માત્ર ઓનલાઈન હાજરી પૂરી જતા રહે છે. આ ઘટનાનો પર્દાફાશ કરતા ગાંધીનગર સુધી પડઘા પડ્યા છે અને સચિવે તપાસના આદેશ આપ્યા છે.

એમબીબીએસ પૂર્ણ કર્યા બાદ તબીબોએ નિશ્ચિત સમય સુધી સરકારી હોસ્પિટલમાં સેવા આપવાની હોય છે જે ફરજિયાત છે. પણ, તબીબી અધિક્ષકે પોતાની પુત્રી માટે ખાસ સુવિધા



રાખી છે કે તેઓ ચોપડે હાજરી ન પૂરે અને ફક્ત ઓનલાઈન હાજરી બતાવી દેવાય. આ રીતે ડો. રાધા ત્રિવેદી સેવા બજાવતા ન હોવા છતાં બોન્ડનો સમય ગણાઈ રહ્યો છે. ડો. રાધા હાલ નીટની તૈયારી કરી રહ્યા છે અને તેમની સાથે બોન્ડમાં આવેલા અન્ય તબીબોને પણ પરીક્ષાની તૈયારી ચાલી રહી છે અને તેઓ ફરજની સાથે સાથે અભ્યાસ કરી રહ્યા છે. જે તબીબોએ રજા મૂકી હતી પણ તબીબી અધિક્ષકે ચૂંટણીમાં વધુ કામ બતાવીને નામંજૂર કરી દીધી હતી. આ ઘટના બહાર આવતા આરોગ્ય કમિશનર હર્ષદ પટેલે તપાસના આદેશ આપ્યા છે. આ ઉપરાંત નાયબ નિયામક ડો. સચદેએ પણ તપાસ આરંભી છે. ડો. રાધાને અત્યાર સુધીમાં ડ્યુટી જ ફાળવાઈ નથી તો ઉચ્ચકક્ષાએ શા માટે રજૂઆત કરવામાં નથી આવી તે પ્રશ્ન આરએમઓ ડો. દુસરાને પૂછવામાં આવતા તેઓએ જણાવ્યું હતું, કે આ મામલે અધિક્ષક જ જણાવી શકશે! આ પ્રકરણમાં અધિક્ષક જ ખોટું કરી રહ્યા છે અને જવાબ પણ તેઓ જ આપશે તેવી વ્યવસ્થા ઉભી કરાઈ છે.

# રાજકોટ નજીક પારડી ગામે યુવાનને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી ત્રણ શખ્સોએ માર માર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ નજીક પારડી ગામે રહેતા અને કારખાનામાં નોકરી કરતા યુવકને તમો આહિર નથી હજામ છો તેમ કહી ત્રણ શખ્સોએ બેફામ ગાળો દઈ ગાડીમાંથી આહિર કાઢી નાખજે તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. આ બનાવ અંગેની જાણવા મળતી વિગત મુજબ રાજકોટ નજીક પારડી ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે રહેતા અને કટારિયા કારખાનામાં નોકરી કરતા ધવલભાઈ રાજેન્દ્રભાઈ મિયાત્રા ઉ.વ.૩૨ નામના યુવાને પોલીસમાં નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે કોઠારિયા ચોકડી પાસે રહેતા અતુલ ગોહિલ, આજીડેમ શ્રીરામ પાર્કમાં રહેતા પ્રવિણ વરજાંગભાઈ મુળુ અને શાપરના ભરત છાત્રોડિયાના નામ આપ્યા છે.



પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે રાજાશાહી વખતે આહિર સમાજના લોકોને જેલમાં પુરી દીધેલ અને તેમની પાસે હજામતનું કામ કરાવતા હોય જેના કારણે ૩૨ જ્ઞાતિના અટક વાળા લોકોને આહિર હજામનું ઉપનામ મળેલું હતું ત્યાર બાદ ૧૯૯૦માં પેથલજીભાઈ ચાવડાની આગેવાની હેઠળ જૂનાગઢમાં મળેલ મીટીંગમાં આહિરા હજામનો આહિર સમાજમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જેની સામે ભારે વિરોધ ચાલી રહ્યો છે. દરમિયાન ગત તા. ૧૪-૪-૨૪ના ફરિયાદી પોતાની ગાડી લઈને જતો હતો ત્યારે પારડીગામે ઉપરોક્ત ત્રણેય શખ્સોએ ઘર પાસે શેરીમાં રોકી તમે આહિર નથી હજામ છો તેમ કહી ગાળો દઈ ગાડીમાંથી આહિર કાઢી નાખજે નહીંતર જાનથી મારી નાખજે તેવી ધમકી આપી આ અંગે પોલીસમાં અરજી કરતા અંતે પોલીસે ગુનો નોંધી વિશેષ તપાસ હાથ ધરી છે.

# સામા કાંઠે ભગીરથ સોસાયટીમાં ક્રિકેટનો સટ્ટો રમતો પન્ટર ઝડપાયોઃ બે બુકીના નામ ખુલ્યા

**મુખ્ય સમાચાર રાજકોટ**

આઈપીએલ ટી-૨૦ની સીરીઝ ચાલુ હોય ત્યારે સટોડીયા પણ છાના ખૂણે ક્રિકેટનો સટ્ટો ખેલતા હોય ત્યારે પોલીસે પંતરો પર બાજી નજર રાખી ક્રિકેટ સટ્ટો ઝડપી લેવા કવાયત હાથ ધરી છે ત્યારે સામા કાંઠે બી ડિવિઝન પોલીસે ભગીરથ સોસાયટીમાં થી પંટર ને દબોચી લઈ બે બુકીઓની શોધ કોડ આદરી છે.

આ અંગેની માહિતી મુજબ બી ડિવિઝન પોલીસ મથકના પી.એસ.આઇ કેડી મારુ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે સામા કાંઠે ભગીરથ સોસાયટીમાં રહેતો પરેશ અરજણ કારેલા નામ ના ઇમિટેશનના વેપારીને ટીવી પર ચાલતી આઈપીએલ ટી ટ્વેન્ટી ક્રિકેટ મેચ પર મોબાઇલમાં ઓનલાઇન સટ્ટો રમતા ઝડપી લઇ રૂપિયા ૨૦,૨૦૦ નો મુદ્દા માલ કબજે કરી આખરી પૂછપર જ કરતા ક્રિકેટનો સટ્ટો રમાળનાર મૂકી અનિલ રાઠોડ અને રોહિત રાઠોડ ના નામ આપતા પોલીસે આ બંને બુકીઓની શોધ કોડ શરૂ કરી છે